**આજની પ્રાર્થના....**
કરતાં કાર્ય જગે સેવાનાં
જો કદી થાકી જવાય,
કાયા થાકે મન નવ થાકે,
જીવતર ઉજળું એવું મનનું
બળ તું આપ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૮૬ | ૬ જુન, ૨૦૨૧, રવિવાર; વૈશાખ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## સીરમ ઈન્સ્ટિટ્યુટ રશિયન વેક્સિન Sputnik-Vનું પણ કરશે ઉત્પાદન

### ડીસીજીઆઇએ સીરમને સ્પુતનિક-વીના ઉત્પાદન માટે મંજૂરી આપી

ન્યુ દિલ્હી,તા.૫

કોરોના મહામારી પર લગામ કસવા માટે દેશમાં વેક્સિન ઉત્પાદનનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ બધા વચ્ચે સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાએ ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ) પાસે ભારતમાં રશિયન વેક્સિન સ્પુતનિક-વી બનાવવા માટે પરીક્ષણ લાઈસન્સની મંજૂરી માંગી હતી. ડીસીજીઆઈએ શુક્રવારે સીરમને સ્પુતનિક-વીના ઉત્પાદન માટે મંજૂરી આપી દીધી હતી.

ડીસીજીઆઈની મંજૂરી મળ્યા બાદ સીરમ ભારતમાં સ્પુતનિક-વીનું નિર્માણ કરી શકશે. ડીસીજીઆઈએ સ્પુતનિક-વીના એકઝામિનેશન, ટેસ્ટ અને એનાલિસિસની સાથે ઉત્પાદન માટે મંજૂરી આપી દીધી છે.

ઉલ્લેખનીય છે કે, સીરમ પહેલેથી જ કોવિડ વેક્સિન કોવિશીલ્ડનું ઉત્પાદન કરી રહી છે. પરંતુ હવે આ કંપની રશિયન વેક્સિન સ્પુતનિકનું પણ પ્રોડક્શન કરશે. સીરમ ઈન્સ્ટિટ્યુટે ટેસ્ટ, એનાલિસિસ અને એકઝામિનેશન માટે ડીસીજીઆઈને અરજી કરી હતી.

ભારતમાં હાલ ડૉ. રેડ્ડીજ લેબોરેટરી પણ સ્પુતનિક-વીનું ઉત્પાદન કરી રહી છે. ગત ૧૪ મેથી આ રશિયન વેક્સિનનો ઉપયોગ શરૂ થયો હતો. અત્યાર સુધીમાં સ્પુતનિક ૫૦ કરતા પણ વધારે દેશોમાં રજિસ્ટર્ડ છે. એક અભ્યાસ પ્રમાણે આ વેક્સિનની પ્રભાવકારકતા (બંને ડોઝ) ૯૭.૬ ટકા છે.

આ તરફ સીરમ ઈન્સ્ટિટ્યુટની માંગણી છે કે, વિદેશી વેક્સિન કંપનીઓની જેમ તેમને પણ સરકાર દ્વારા સંરક્ષણ આપવામાં આવે. તે સિવાય અન્ય દેશી વેક્સિન કંપનીઓ પણ વિદેશી કંપનીઓને આ સુવિધા મળે છે તો તેમને પણ સરકારી સંરક્ષણ મળવું જોઈએ તેવી માંગ કરી રહી છે.

**મારૂતિ સોફા**
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

**મકાન વેચવાનું છે**
સેક્ટર-૨૯માં સરકારી દવાખાનાની પાછળ ૮૧ મીટરના પ્લોટમાં ૪૯ના બાંધકામવાળું મકાન
સંપર્ક : મો. ૭૯૧૨૫ ૨૯૮૮૪
નોંધ : દલાલોએ તસ્દી લેવી નહી.

દર વર્ષે ગુજરાત રાજ્યમાં પ્રથમ સ્થાને તો આપણું કિશોર ઈન્સ્ટિટ્યૂટ જ...

SINCE 2001 ® **કિશોર ઈન્સ્ટિટ્યૂટ**
Come with Dreams... Return with success.....

**ADMISSION OPEN for 6th to 12th**

| Standard | Medium | Starting Date |
|---|---|---|
| 11th (NEET / JEE) | Gujarati | 24-5-2021 સોમવાર થી |
| 9th - 10th | Gujarati | 27-05-2021 ગુરુવાર થી |
| 9th - 10th | English | 10th : 5.30pm to 6.30pm 9th : 7.00pm to 8.00pm |
| 6th - 8th | Gujarati | 6-6-2021 રવિવાર થી |

સફળ ડૉક્ટર કે એન્જીનિયર બનવા માટેની સુવર્ણ તક...

Std. : 6,7,8 (બધા વિષયો)
Std. : 9,10 (Guj./Eng. Medium) (NEET/JEE Foundation)
11th, 12th Science NEET / AIIMS / BOARD JEE (MAIN / ADVANCED) / BOARD / GUJCET

1st (સમગ્ર ગુજરાત)



JAY DAVE S.S.C. 99.95 PR
DEV PATEL IIT Qualified JEE 1st in G'nagar
ANUJ BAROT 665/720(NEET) B.J.Medical AIIMS Qualified

તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ૧૦૦%* સુધી ની સ્કોલરશીપ

CELEBRATING 20th Year of SUCCESS
સતત ૨૦ વર્ષ સુધી અતૂટ વિશ્વાસ રાખવા બદલ વિદ્યાર્થીઓ અને વાલીમિત્રોનો આભાર

Head Branch : G-1 circle. Branch : Ch-6 Circle, Sector-22, Gandhinagar . Mo. : 7069886002, 7069876002

## આપ સદાય સ્મરણમાં રહેશો...

### કોરોનામાં ગુમાવેલા શહેરના અગ્રણીઓ...


એસ. આર. પટેલ (શિવાલય ગૃપ)


ફાધર એન્થોની ક્રુઝ (સેન્ટ ઝેવિયર્સ)


જે. સી. પટેલ (પાટીદાર અગ્રણી, વી.કેર)


હિરેન રાવલ (યુવા ફોટોગ્રાફર)


કમલેશભાઈ એમ. પટેલ (સિગ્મા કોપીયર)


કનુભાઈ દેસાઈ (રિદ્ધિ મારૂતિ)


ભોળાભાઈ પટેલ (પાટીદાર સમાજ અગ્રણી)


કનુભાઈ શિવલાલ શાહ (વિનય ટ્રેડર્સ)


જયંતિભાઈ આઈ. સાકરીયા (જય અંબે પરિવાર, સેક્ટર-૮)


વિનોદચંદ્ર કે. દલાલ (વૈષ્ણવ સમાજ, સેક્ટર-૮)


કૌશિકભાઈ સુખડીયા (મિઠાઈ ફરસાણ એસોસીએશન)


જે. ટી. અખાણી (નિવૃત્ત સનદી અધિકારી)


પ્રિયાબેન માનિક (લાયોનેસ ક્લબ)


હરેશભાઈ પરમાર (નાયબ સચિવ, નાણાં વિભાગ)


મહેન્દ્રભાઈ ભાવસાર (શિવરંજની-ભાવસાર સમાજ)


મધુસુદન વોરા (જૈન સોશ્યલ ગૃપ)


મહેશભાઈ રાવલ (સાંઈ મંદિર - ઝુલેલાલ)


કુમુદબેન ભટ્ટ (કથ્થક - કલાગુરૂ)


રમણભાઈ શ્રીમાળી (સાહિત્ય સભા-પેન્શનર સમાજ)


બકુલ જોષી (અગ્રણી - બ્રહ્મસમાજ)


રાજેન્દ્ર કનૈયાલાલ પંચોલી (અગ્રણી - બ્રહ્મસમાજ)

ગાંધીનગર શહેરના જનજીવનને ધબકતું રાખતા આપ સૌ સંનિષ્ઠોની વિદાયથી ભારે આઘાતની લાગણી અનુભવીએ છીએ.. આપની ખોટ વર્ષો સુધી શહેરની પ્રવૃત્તિઓમાં અનુભવાશે... શહેરની વિવિધ પ્રવૃત્તિઓમાં આપની સક્રિયતા સદાય સ્મરણમાં રહેશે....

**આપ સૌના દિવ્ય આત્માને પરમતત્વ ચિરશાંતિ આપે એવી પ્રાર્થના સહ ભાવભીની અંજલિ**

ચેતન પટેલ | SIDDHRAJ